Extra No. 54

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXI ] FRIDAY, MARCH 20, 2020 / PHALGUNA 30, 1941

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૩જી ડિસેમ્બર, ૨૦૧૯.

**અશક્ત વ્યક્તિનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬.**

**ક્રમાંક: જીએચ / એસએચ / ૦૮ / એપીજી / ૧૦૨૦૧૭/ ૮૮૦૧૩/ છ-૧:-** અશક્ત વ્યક્તિનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬ના ૪૯મા)ની કલમ ૧૦૧ની પેટા-કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ: ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૯ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ / એસએચ / ૦૫ / એપીજી / ૧૦૨૦૧૭/ ૮૮૦૧૩/ છ--૧. હેઠળ તારીખ: ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૯ના, ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪-કના પાના ૧૭૪-૧ થી ૧૭૪-૧૪માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ મુદતની અંદર વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, મળેલ વાંધા અથવા સૂચનો સરકારે વિચારણામાં લીધા હતા;

તેથી, હવે, અશક્ત વ્યક્તિનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬ના ૪૯મા)ની કલમ ૧૦૧ની પેટા--કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:

**પ્રકરણ ૧**

**પ્રારંભિક**

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.-** (૧) આ નિયમો ગુજરાત અશક્ત વ્યક્તિનો અધિકાર નિયમો, ૨૦૧૯ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.-(૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''અધિનિયમ'' એટલે અશક્ત વ્યક્તિનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬નો ૪૯મો).

(ખ) "પ્રમાણપત્ર" એટલે અધિનિયમની કલમ ૫૭ની પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલા પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલું અશક્તતાનું પ્રમાણપત્ર;

(ગ) "રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર" એટલે અધિનિયમની કલમ ૫૦ હેઠળ સક્ષમ સત્તામંડળ દ્વારા આપવામાં આવેલું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર;

(ઘ) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલો નમૂનો;

(૨) અહીં વપરાયેલા અને વ્યાખ્યાયિત નહિ કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે થશે.

**પ્રકરણ ૨**

**હક અને હકદારી**

**૩. સંસ્થાએ અશક્તતાના કારણસર ભેદભાવ નહિ રાખવા બાબત.–**

(૧) સંસ્થાના વડાએ, અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૩)ની જોગવાઇનો ઉપયોગ, અધિનિયમ હેઠળ આવરી લેવામાં આવેલા અશક્ત વ્યક્તિઓનો કોઇ હક અથવા લાભ આપવાનો ઇન્કાર કરવા માટે કરવામાં આવેલ નથી તે સુનિશ્ચિત કરવું જોઇશે.

(૨) વીસ અથવા તેથી વધુ વ્યક્તિઓને કામે રાખ્યા હોય તેવી ગુજરાત સરકારની અથવા કોઇ ખાનગી સંસ્થાના વડાને, કોઇ નારાજ થયેલી વ્યક્તિ તરફથી અશક્તતાના કારણસર ભેદભાવ સંબંધી ફરિયાદ મળે તો, તેઓએ,–

(ક) અધિનિયમની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી શરૂ કરવી જોઇશે; અથવા

(ખ) નારાજ થયેલી વ્યક્તિને, કોઇ વિવાદિત કાર્ય અથવા કૃત્ય અંગે, કોઇ કાયદેસરનું લક્ષ્ય હાંસલ કરવા માટેની કઇ વાજબી રીત છે તેની લેખિતમાં જાણ કરવી જોઇશે.

(૩) નારાજ થયેલી વ્યક્તિ, રાજ્ય કમિશનરને ફરિયાદ કરે તો, તે ફરિયાદનો નિકાલ સાઠ દિવસની મુદતની અંદર કરવો જોઇશે:

પરંતુ અપવાદરૂપ કિસ્સામાં, રાજ્ય કમિશનર, આવી ફરિયાદનો નિકાલ ત્રીસ દિવસની અંદર કરી શકશે.

(૪) કોઇપણ સંસ્થાએ, વાજબી નિવાસ માટે તેણે ખર્ચેલી કિંમતની સંપૂર્ણતઃ અથવા અંશતઃ ચુકવણી કરવા માટે કોઇ અશક્ત વ્યક્તિને ફરજ પાડવી જોઇશે નહિ.

**પ્રકરણ ૩**

**અશક્તતા અંગેની સંશોધન સમિતિ**

**૪. અશક્તતા અંગેના સંશોધન માટે રાજ્ય સમિતિ.–** (૧) રાજ્ય સ્તરે અશક્તતા અંગેના સંશોધન માટેની સમિતિ નીચેના સભ્યોની બનશે:–

(૧) રાજ્ય સરકાર દ્વારા નામનિયુક્ત કરવામાં આવેલી અને વિજ્ઞાન અને તબીબી સંશોધનના ક્ષેત્રમાં બહોળો અનુભવ ધરાવતી એક જાણીતી વ્યક્તિ,– હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) ગુજરાત સરકારના તબીબી સેવા નિયામક,– હોદ્દાની રૂએ સભ્ય;

(૩) રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્યમાં રજિસ્ટર થયેલી સંસ્થામાંથી પ્રતિનિધિઓ તરીકે નામનિયુક્ત કરવામાં આવેલા અને અધિનિયમની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા અશક્તતાના પાંચ વર્ગોમાંથી દરેક (વર્ગ)નું પ્રતિનિધિત્વ કરતા પાંચ સભ્યો,– સભ્યો:

પરંતુ રજિસ્ટર થયેલી સંસ્થાઓના ઓછામાં ઓછા એક મહિલા પ્રતિનિધિ હોવા જોઈશે;

(૪) નિયામક, સમાજ સુરક્ષા, ગુજરાત સરકાર,– સભ્ય–સચિવ.

(૨) અધ્યક્ષ, ખાસ આમંત્રિત મહેમાન તરીકે કોઇ તજજ્ઞને આમંત્રણ આપી શકશે.

(૩) નામનિયુક્ત સભ્યોની હોદ્દાની મુદત, તેઓ હોદ્દો ધારણ કરે તે તારીખથી ત્રણ વર્ષની મુદત માટેની રહેશે, પણ નામનિયુક્ત સભ્યો એક વધુ મુદત માટે પુન:નામનિયુક્તિ માટે પાત્ર થશે.

(૪) બેઠકનું કોરમ અડધા સભ્યોનું રહેશે.

(૫) બિન–સરકારી સભ્યો અને ખાસ આમંત્રિતો, રાજ્ય સરકારના વર્ગ ૧–ના અધિકારીને મળવાપાત્ર હોય, તેટલા મુસાફરી ભથ્થાં અને મોંઘવારી ભથ્થાં માટે હકદાર રહેશે.

(૬) રાજ્ય સરકાર, સમિતિ માટે પોતે જરૂરી ગણે તેવા કારકુની અને અન્ય સ્ટાફની જોગવાઇ કરી શકશે.

૫. **અશક્ત વ્યક્તિ સંશોધનનો વિષય બનશે નહિ.**– કોઈપણ અશક્ત વ્યક્તિને સંશોધનનો વિષય ગણવી જોઈશે નહિ, સિવાય કે સંશોધનમાં તેના ઉપર થતી શારીરિક અસરનો સમાવેશ થતો હોય.

## પ્રકરણ ૪

## મર્યાદિત વાલીપણું

૬. **મર્યાદિત વાલીપણું.**– (૧) જિલ્લા કોર્ટે અથવા રાજ્ય સરકારે મુકરર કર્યા પ્રમાણે કોઈ મુકરર સત્તામંડળે, પોતાની રીતે અથવા અન્યથા અશક્ત વ્યક્તિને, પોતાના વતી કાનૂનીપણે બંધનકર્તા નિર્ણયો લેવા માટે, તેવી વ્યક્તિ (અશક્ત વ્યક્તિ) સાથે વિચારવિનિમય કરીને, મર્યાદિત વાલીપણાનો આધાર પૂરો પાડવો જોઈશે.

(૨) જિલ્લા કોર્ટ અથવા મુકરર સત્તામંડળે અશક્ત વ્યક્તિ માટે મર્યાદિત વાલીપણાની મંજૂરી આપતા પહેલા, પોતે ખાતરી કરવી જોઈશે કે આવી વ્યક્તિ પોતાના વતી કાનૂનીપણે બંધનકર્તા નિર્ણયો લઇ શકે તેવી સ્થિતિમાં નથી.

(૩) જિલ્લા કોર્ટે અથવા મુકરર સત્તામંડળે, મર્યાદિત વાલીપણાની મંજૂરી આપવા સંબંધી અરજી મળ્યાની તારીખથી અથવા આવી મર્યાદિત વાલીપણાની જરૂરિયાત અંગેની તેની નોટિસ આવ્યાની તારીખથી ઈચ્છનીય રીતે એક મહિનાની મુદતની અંદર નિર્ણય લેવો જોઈશે:

પરંતુ આવા મર્યાદિત વાલીપણાની મંજૂરી આપતા પહેલા મર્યાદિત વાલી તરીકે કાર્ય કરનાર વ્યક્તિની સંમતિ મેળવવાની રહેશે.

(૪) પેટા–નિયમ (૧) હેઠળ નિમણૂક પામેલા (નિયત કરાયેલા) મર્યાદિત વાલીપણાની કાયદેસરતા શરૂઆતમાં પાંચ વર્ષની મુદત માટેની રહેશે, જે જિલ્લા કોર્ટ અથવા યથાપ્રસંગ, મુકરર સત્તામંડળ દ્વારા પછીથી વધારી શકાશે:

પરંતુ જિલ્લા કોર્ટે અથવા મુકરર સત્તામંડળે, પ્રારંભિક વાલીપણાની મંજૂરી આપતી વખતે અનુસરેલી કાર્યરીતિ જ મર્યાદિત વાલીપણાની કાયદેસરતા વધારતી વખતે અનુસરવી જોઈશે.

(૫) આવી મર્યાદિત વાલીપણાના આધારની મંજૂરી આપતી વખતે, જિલ્લા કોર્ટે અથવા મુકરર સત્તામંડળે, મર્યાદિત વાલીપણા તરીકે નિમણૂક કરવાની યોગ્ય વ્યક્તિની પસંદગીમાં નીચેના ગુણવત્તાક્રમમાં વિચારણા કરવી જોઇશે:–

(ક) અશક્ત વ્યક્તિના માતા–પિતા અથવા પુખ્ત સંતાન,

(ખ) નિકટના ભાઇ અથવા બહેન,

(ગ) બીજા લોહીના સગા અથવા કાળજી રાખનાર અથવા તે વિસ્તારમાંની નામાંકિત વ્યક્તિ.

(૬) ૧૮ વર્ષથી વધુ ઉંમરની હોય અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૧લા)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે પોલીસ અધિકારના કોઇ ગુનામાં અગાઉ દોષિત ઠરેલી ન હોય, તેવી વ્યક્તિઓની જ મર્યાદિત વાલી તરીકે નિમણૂક કરવી જોઇશે.

(૭) પેટા–નિયમ (૧) હેઠળ નિમાયેલ મર્યાદિત વાલીએ, અશક્ત વ્યક્તિ સાથે, તેના વતી કોઇ કાનૂની રીતે બંધનકર્તા નિર્ણયો લેતા પહેલા તેની સાથે પરામર્શ કરવો જોઇશે.

(૮) નિમાયેલા મર્યાદિત વાલીએ એ બાબત સુનિશ્ચિત કરવી જોઇશે કે અશક્ત વ્યક્તિને બદલે લેવાના કાનૂની રીતે બંધનકર્તા નિર્ણયો, અશક્ત વ્યક્તિના હિતમાં હોવા જોઇશે.

## પ્રકરણ ૫

## શિક્ષણ

**૭. શૈક્ષણિક સંસ્થાઓને માન્યતા આપ્યા પહેલાંની બોલીઓ અને શરતો.–** માન્યતા આપવા માટે, શૈક્ષણિક સંસ્થાઓની બોલીઓ અને શરતો નક્કી કરતી વખતે, ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણના નિયામકે સુનિશ્ચિત કરવું જોઇશે કે અધિનિયમની કલમ ૧૬માંની જોગવાઇઓ મુજબની જરૂરિયાતો પરિપૂર્ણ કરેલ છે.

**૮. જિલ્લા શિક્ષણ કચેરીમાં નોડલ (કેન્દ્રવર્તી) અધિકારી.–**

અધિનિયમની કલમ ૧૬, ૧૭ અને ૩૧ની જોગવાઇઓ અનુસાર અશક્ત બાળકોના પ્રવેશ અને પ્રાથમિક, માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં તેઓને આપવામાં આવતી સગવડો અને શિક્ષણની બીજી કોઇ પદ્ધતિઓ સંબંધિત બાબતો સાથે તજવીજ કરવા માટે જિલ્લા શિક્ષણ કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરીમાં નોડલ(કેન્દ્રવર્તી) અધિકારી રહેશે.

## પ્રકરણ ૬

## સંસ્થાઓનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર

**૯. રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર માટેની અને તે આપવા માટેની અરજી.–** (૧) અશક્ત વ્યક્તિઓ માટેની સંસ્થા સ્થાપવા અથવા નિભાવવા માંગતી વ્યક્તિ, અધિનિયમની કલમ ૪૯ હેઠળ રાજ્ય સરકારે નીમેલ સક્ષમ સત્તામંડળ, નિયામક, સામાજિક સુરક્ષાને નમૂના એ–માં અરજી કરી શકશે.

(૨) પેટા–નિયમ (૧) હેઠળ કરેલ દરેક અરજી સાથે,–

(ક) અશક્તિના ક્ષેત્રમાં કામનો દસ્તાવેજી પુરાવો;

(ખ) સંસ્થાના સંચાલનનું સંવિધાન અથવા પેટા–કાયદા અથવા વિનિયમો;

(ગ) અરજીની તારીખ અગાઉના છેલ્લા ત્રણ વર્ષમાં ઓડિટ થયેલ પત્રક અને મેળવેલ અનુદાનની વિગતો.;

(ઘ) સંસ્થામાં નિયુક્ત વ્યક્તિઓની, તેમની સંબંધિત ફરજો સાથે, કુલ સંખ્યા બાબતનું પત્રક;

(ચ) સંસ્થામાં નિયુક્ત વ્યાવસાયિકોની સંખ્યા;

(છ) સંસ્થાએ નિયુક્ત કરેલ વ્યાવસાયિકોની લાયકાતો અંગેનું પત્રક; અને

(જ) અરજદારના રહેણાંકનો પુરાવો.

–જોડવા જોઇશે.

(૩) પેટા–નિયમ (૧) હેઠળ કરેલ દરેક અરજી, સંબંધિત સંસ્થાની બાબતમાં નીચેની જરૂરિયાતોને પાલન કરતી હોવી જોઇશે.–

(ક) કે સંસ્થાએ અશક્ત વ્યક્તિઓના પુનર્વસનના ક્ષેત્રમાં કામ કરવા માટેની લાયકાત મેળવેલ હોય;

(ખ) કે સસ્થા, મંડળી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ ( સન ૧૮૬૦ના ૨૧મા) હેઠળ અથવા ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૨૯મા) હેઠળ જાહેર ચેરિટેબલ ટ્રસ્ટ તરીકે અથવા ભારતીય કંપની અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૧૮મા)ની કલમ ૮ હેઠળ નોટ–ફોર–પ્રોફિટ (નફા માટે નહિ) કંપની તરીકે રજિસ્ટર થયેલી હોય અને મંડળ અને/અથવા ટ્રસ્ટ અથવા નોટ–ફોર–પ્રોફિટ (નફા માટે નહિ) કંપનીના પેટા–કાયદા અને મેમરેન્ડમ ઓફ અસોસિએશન સાથેના તેવા રજિસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ અરજીની સાથે રજૂ કરવી જોઇશે;

(ગ) સંસ્થા, કોઇ વ્યકિત અથવા વ્યકિતઓની સંસ્થાને નફો કરાવા માટે ચલાવવામાં આવતી નથી;

(ઘ) સંસ્થા, અશકત બાળકોની ખાસ જરૂરીયાતોને પૂરી પાડવા માટે, રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઇન્ડિયા સાથે રજિસ્ટર થયેલ વ્યાવસાયિકોને નોકરી રાખ્યા છે;

(ચ) સંસ્થા પાસે અશક્ત વ્યક્તિઓ માટે શીખવવા અને શીખવા માટે પૂરતી સામગ્રી છે; અને

(છ) સંસ્થાએ તેના ઓડિટ કરેલા હિસાબો અને વાર્ષિક અહેવાલો રજૂ કર્યા છે;

(૪) આ નિયમ હેઠળ રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર, આ અધિનિયમની કલમ પર હેઠળ રદબાતલ કરવામાં આવે તે સિવાય, તેને આપવામાં આવ્યું હોય અથવા તાજું કરવામાં આવ્યું હોય તે તારીખથી પાંચ વર્ષની મુદત માટે અમલમાં રહેશે;

(૫) રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર તાજું કરવા માટેની અરજી, અગાઉના રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર અને પેટા–નિયમ (૧) હેઠળ પ્રમાણપત્ર આપવા માટેની અરજીની રીતે, અરજદાર પ્રમાણપત્ર તાજું કરવા માટે અરજી કરે છે તે પત્રકની સાથે કરવી જોઇશે;

પરંતુ આવી અરજી, આવા પ્રમાણપત્રની માન્યતા પૂરી થયાના સાઠ દિવસની પહેલા કરવી જોઇશે:

વધુમાં, સમાજ સુરક્ષા નિયામકને જો ખાતરી થાય કે આવા વિલંબ માટે પૂરતા કારણો પૂરા પાડવામાં આવ્યા છે, તો તે રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર તાજું કરવા માટેની અરજી ૬૦ દિવસ પછી પરંતુ ૧૨૦ દિવસ કરતા મોડુ નહિ તેમ ધ્યાનમાં લઇ શકશે:

(૬) પેટા–નિયમ (૫)ના પ્રથમ પરંતુકમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મુદત પૂરી થાય તે પહેલા રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર તાજું કરવા માટેની અરજી કરવામાં આવે તો, અરજી પર હુકમ ન થાય ત્યાં સુધી રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર અમલમાં રહેશે અને સદરહુ પરંતુકમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર તાજું કરવા માટેની અરજી સાઠ દિવસની અંદર ન કરવામાં આવે તો, રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર પૂરુ થયું હોવાનું ગણાશે.

(૭) પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ (૫) હેઠળ કરેલી દરેક અરજી, અધિનિયમની કલમ ૫૧–ની પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલ સક્ષમ સત્તામંડળને એવી ખાતરી થાય કે અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર

આપવા માટેની જરૂરીયાતો અને આ નિયમોનું પાલન કરવામાં આવ્યું છે ત્યારે, તેનો ત્યારથી નેવુ દિવસની મુદતની અંદર નિકાલ કરવો જોઇશે.

૧૦. **સક્ષમ સત્તામંડળના હુકમ સામે અપીલ.–** અધિનિયમની કલમ ૫૧–ની પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલ સમાજ સુરક્ષા નિયામકના હુકમથી નારાજ થયેલી કોઇ વ્યક્તિ, રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપવા માટે ઇનકાર કરતો અથવા રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રદબાતલ કરતા હુકમની તારીખથી ત્રણ મહિનાની અંદર તે હુકમની સામે, કલમ ૫૩ની પેટા–કલમ (૧)માં ઉલ્લેખ કર્યા પ્રમાણે રાજ્ય સરકાર જાહેર કરે તેવા અપીલ સત્તાધિકારીને અપીલ કરી શકશે અને અપીલ સત્તાધિકારી, પોતાને યોગ્ય જણાય તેવી બાબતમાં તપાસ કર્યા પછી અને સમાજ સુરક્ષા નિયામક, અપીલ કરનારને સાંભળવાની તક આપ્યા પછી, પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

### પ્રકરણ ૭

### અશકતતાના પ્રમાણપત્રના સંબંધમાં અપીલ

૧૧. **અશકતતાનું પ્રમાણપત્ર કાઢી આપતા સતામંડળના નિર્ણય સામે અપીલ.–**

(૧) અશકતતાનું પ્રમાણપત્ર કાઢી આપતા સતામંડળના નિર્ણયથી નારાજ થયેલ કોઇ વ્યક્તિ, નિર્ણયની તારીખથી નેવું દિવસની અંદર, કમિશનર, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ અને સંશોધન, ગુજરાત સરકારને, અધિનિયમની કલમ ૫૯ની પેટા–કલમ (૧) હેઠળ આ હેતુ માટે, રાજ્ય સરકારે મુકરર કરેલ અપીલ સત્તાધિકારીને નીચેની રીતે અપીલ કરી શકશે:–

(ક) અપીલમાં ટૂંકી પૂર્વભૂમિકા અને અપીલ કરવા માટેના આધારોનો સમાવેશ કરવો જોઇશે,

(ખ) અપીલ, અશકતતાના પ્રમાણપત્રની નકલ અથવા પ્રમાણપત્ર આપનારા સત્તાધિકારીએ કાઢી આપેલ રદ કરતા પત્રની નકલ સાથે હોવી જોઇશે:

પરંતુ અશક્ત વ્યક્તિ સગીર વયનો હોય અથવા આવી અપીલ કરવા માટે પોતે ફીટ નથી તેમ બાધ કરે તેવી કોઇ અશકતતાથી પીડાઇ રહ્યો હોઇ ત્યારે, તેના વતી તેના કાનૂની અથવા યથાપ્રસંગ, મર્યાદિત વાલી અપીલ કરી શકશે.

(૨) આવી અપીલ મળ્યેથી, કમિશનર, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ અને સંશોધન, ગુજરાત સરકાર, અપીલ સત્તાધિકારી, અપીલ કરનારને તેનો કેસ રજૂ કરવાની તક પુરી પાડશે અને ત્યારપછી પોતાને યોગ્ય જણાય તેવો કારણ અને વિગત દર્શાવતો હુકમ કરી શકશે.

(૩) પેટા–કલમ (૧) હેઠળ રજૂ કરેલ દરેક અપીલનો અપીલ મળ્યાની તારીખથી સાઠ દિવસની મુદત કરતા વધુ નહિ તેમ, શક્ય બને તેટલી ઝડપથી નિર્ણય કરવો જોઇશે.

### પ્રકરણ ૮

### રાજ્ય સલાહકાર બોર્ડ

૧૨. **ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડના સભ્યો માટે ભથ્થાં.–** (૧) રાજ્ય પાટનગર ક્ષેત્રમાં રહેતા ન હોય તેવા અશકતતા અંગેના ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડના બિન–સરકારી સભ્યોને બે હજાર રુપિયા ભથ્થું અથવા સરકાર દરેક દિવસ માટે વખતોવખત નક્કી કરે તેમ સદરહુ બોર્ડની વાસ્તવિક બેઠકના દરેક દિવસ માટે ચૂકવવામાં આવશે.

(૨) ગાંધીનગર બહાર રહેતા હોય તેવા અશક્તતા અંગેના ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડના બિન–સરકારી સભ્યોને, સદરહુ બોર્ડની વાસ્તવિક બેઠકના દરેક દિવસ માટેના દૈનિક અને મુસાફરી ભથ્થાં, ગુજરાત સરકારના વર્ગ–૧ ના અધિકારીને મળવાપાત્ર ભથ્થાંના દરે ચૂકવવામાં આવશે:

પરંતુ વિધાનસભાના સભ્ય જે અશક્તતા અંગેના ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડના સભ્ય હોય તેવા કિસ્સામાં, વિધાનસભાનું સત્ર ન હોય અને ગુજરાત સરકાર તરફથી સદરહુ મુસાફરી માટે સભ્ય-એ આવું કોઈ ભથ્થું લીધેલ નથી અને રોકાણ કરેલ છે તેવું પ્રમાણપત્ર આપવામાં આવે ત્યારે, વિધાનસભાના સભ્ય તરીકે મળવાપાત્ર ભથ્થાના દરે, દૈનિક અને મુસાફરી ભથ્થું ચૂકવવામાં આવશે.

**૧૩. બોર્ડની બેઠક.-** (૧) અધિનિયમની કલમ ૬૬-ની પેટા-કલમ (૧) હેઠળ રચાયેલા અશક્તતા અંગેના ગુજરાત રાજ્ય સલાહકાર બોર્ડ (જેનો આ પ્રકરણમાં હવે પછી, 'બોર્ડ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની બેઠક સામાન્ય રીતે તેના અધ્યક્ષ નક્કી કરે તેવી તારીખે ગુજરાતની રાજધાની-ગાંધીનગર-માં યોજવામાં આવશે:

પરંતુ તે દર છ મહિનામાં ઓછામાં ઓછી એક વખત મળશે.

(૨) બોર્ડના અધ્યક્ષ, બોર્ડના દસ સભ્યોથી ઓછા ન હોય તેટલા સભ્યોની લેખિત વિનંતી પર બોર્ડની ખાસ બેઠક બોલાવી શકશે.

(૩) બોર્ડના સભ્ય-સચિવ-એ બોર્ડના સભ્યોને, આવી બેઠક યોજવાની હોય અને કામકાજ ચલાવવાનું હોય ત્યાં, સમય અને સ્થળ નિર્દિષ્ટ કરતી સાધારણ બેઠકની સ્પષ્ટ પંદર દિવસની અને ખાસ બેઠકની સ્પષ્ટ પાંચ દિવસની નોટિસ આપવી જોઈશે.

(૪) બોર્ડની નોટિસ બોર્ડના સભ્યોને મેસેન્જર દ્વારા તેઓને તે પહોચાડીને અથવા તેમના રહેઠાણ અથવા ધંધાના સંબંધિત છેલ્લા જાણીતા સ્થળોએ રજિસ્ટર્ડ ટપાલ દ્વારા તે મોકલીને અથવા ઈમેઈલ દ્વારા અથવા બોર્ડના અધ્યક્ષને, કિસ્સાઓના સંજોગોમાં પોતાને યોગ્ય લાગે તેમ બીજી રીતે આપી શકાશે.

(૫) બોર્ડનો કોઈપણ સભ્ય, બોર્ડના સભ્ય-સચિવને, કોઈ બાબત માટે સ્પષ્ટ દસ દિવસની નોટિસ આપી ન હોય તો તેને બેઠકની વિચારણા માટે રજૂ કરવા હકદાર રહેશે નહિ. સિવાય કે બોર્ડના અધ્યક્ષ તેના વિવેકાધિકાર અનુસાર તેને (સભ્યને) આવું કરવા માટેની પરવાનગી આપે.

(૬) બોર્ડ નીચે મુજબ પ્રતિદિન અથવા કોઈ ચોક્કસ દિવસે તેની બેઠક મુલતવી રાખી શકશે:-

(ક) બોર્ડની બેઠક પ્રતિદિન મુલતવી રાખવામાં આવે, ત્યારે આવી મુલતવી રાખેલ બેઠકની નોટિસ, મુલતવી રાખેલી બેઠક જ્યાં યોજાવાની હોય ત્યાં તેવા સ્થળે ઉપસ્થિત રહેલા બોર્ડના સભ્યોને આપવી જોઈશે અને બાકીના સભ્યોને મુલતવી રાખેલી બેઠકની નોટિસ આપવી જરૂરી રહેશે નહિ;

(ખ) બોર્ડની બેઠક પ્રતિદિન મુલતવી રાખવામાં આવી ન હોય પણ જે દિવસે (તારીખે) બેઠક યોજાવાની હોય તે તારીખથી બીજી તારીખ સુધી મુલતવી રાખેલ હોય, ત્યારે, આવી બેઠકની નોટિસ, ઉપરના પેટા-નિયમ (૪)માં નિર્દિષ્ટ કરેલી રીતે બોર્ડના તમામ સભ્યોને આપવી જોઈશે.

**૧૪. પ્રમુખ અધિકારી.-** બોર્ડના અધ્યક્ષ, દરેક બેઠક ખાતે પ્રમુખસ્થાન લેશે અને તેમની ગેરહાજરીમાં, તેના ઉપાધ્યક્ષ પ્રમુખસ્થાન સંભાળશે, પણ બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંને કોઈ બેઠકમાંથી ગેરહાજર હોય, ત્યારે બોર્ડના ઉપસ્થિત સભ્યો, તે બેઠકનું પ્રમુખસ્થાન સંભાળવા માટે કોઈપણ એક સભ્યને ચૂંટશે.

**૧૫. કોરમ.-**(૧) કોઈ બેઠક માટેનું, કોરમ, બોર્ડના એક તૃતીયાંશ સભ્યોનું બનશે.

(૨) કોઈ બેઠક માટે નક્કી કરવામાં આવેલા કોઈ સમયે અથવા કોઈ બેઠક દરમિયાન બોર્ડના કુલ સભ્યોના એક તૃતીયાંશ કરતાં ઓછા સભ્યો હાજર હોય, તો હવે પછી આવતી તારીખે અથવા અધ્યક્ષ પોતે નક્કી કરે તેવી ભવિષ્યની અમુક બીજી તારીખે તેટલા કલાક સુધી બેઠક મુલતવી રાખી શકશે.

(૩) બોર્ડની મુલતવી રાખવામાં આવેલી બેઠક માટે, કોઈપણ કોરમ જરૂરી રહેશે નહિ.

(૪) બોર્ડની સાધારણ અથવા યથાપ્રસંગ, ખાસ બેઠકની કાર્યસૂચિ પર ન હોય તેવી કોઇપણ બાબતની તેની મુલતવી રાખેલી બેઠકમાં ચર્ચા કરવામાં આવશે નહિ.

(૫) (ક) ઉપરના પેટા-નિયમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે બોર્ડની બેઠક, પછીની તારીખે કોરમ ન હોવાના કારણે મુલતવી રાખેલ હોય, ત્યારે આવી મુલતવી રાખેલ બેઠકની નોટિસ, મુલતવી રાખેલી બેઠક જ્યાં યોજાવાની હોય ત્યાં તેવા સ્થળે ઉપસ્થિત રહેલા બોર્ડના સભ્યોને આપવી જોઇશે અને અન્ય સભ્યોને મુલતવી રાખેલી બેઠકની નોટિસ આપવી જરૂરી રહેશે નહિ; અને

(ખ) ઉપરના પેટા-નિયમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે બોર્ડની બેઠક, કોરમ ન હોવાના કારણે, પછીની તારીખ સુધી મુલતવી રાખેલ ન હોય, પણ પૂરતા સમય(ગાળા) સહિતની તારીખે મુલતવી રાખેલ હોય, ત્યારે આવી મુલતવી રાખેલી બેઠકની નોટિસ, નિયમ ૧૩ના પેટા-નિયમ (૪)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, બોર્ડના તમામ સભ્યોને આપવી જોઇશે.

**૧૬. કાર્યનોંધ.-** (૧) બોર્ડની બેઠકમાં હાજર રહ્યા હોય તેવા બોર્ડના સભ્યોના નામ અને બોર્ડના સભ્ય-સચિવ દ્વારા તે હેતુ માટે નિભાવવાના ચોપડામાં બેઠક ખાતેની કાર્યવાહીઓના રેકર્ડ રાખવા જોઇશે.

(૨) બોર્ડની પાછલી બેઠકની કાર્યનોંધ, દરેક તરત પછીની બેઠક ખાતે શરૂઆતમાં વાંચવી જોઇશે અને આવી બેઠક ખાતે પ્રમુખ અધિકારી દ્વારા તેની ખરાઇ અને તેના પર સહી થવી જોઇશે.

(૩) બેઠકના સભ્ય-સચિવની કચેરી ખાતે, કચેરીના કલાકો દરમિયાન, બોર્ડના કોઇ સભ્ય દ્વારા નિરીક્ષણ અર્થે કાર્યવાહીઓ ખુલ્લી રહેશે.

**૧૭. બેઠક ખાતે ચલાવવાનું કામકાજ.-** પ્રમુખ અધિકારીની પરવાનગી સિવાય, કાર્યસૂચિમાં દાખલ કરી ન હોય અથવા નિયમ ૧૩ના પેટા-નિયમ (૫) હેઠળ સભ્ય દ્વારા જેની નોટિસ આપવામાં આવેલ ન હોય તેવું કોઇપણ કામકાજ, બોર્ડની કોઇ બેઠકમાં ચલાવવું જોઇશે નહિ.

**૧૮. બેઠક માટેની કાર્યસૂચિ.-**બોર્ડની કોઇ બેઠક ખાતે, પ્રમુખ અધિકારીની પરવાનગીથી બેઠકમાં અન્યથા નિર્ણય કર્યો હોય તે સિવાય, કાર્યસૂચિમાં નોંધ કરવામાં આવી હોય તેવા ક્રમમાં કામકાજ ચલાવવું જોઇશે:

પરંતુ કાં તો બોર્ડની બેઠકની શરૂઆતમાં અથવા તો બેઠક દરમિયાન કોઇ દરખાસ્ત પર ચર્ચા પૂર્ણ થયા પછી, પ્રમુખ અધિકારી અથવા બોર્ડનો સભ્ય, કાર્યસૂચિમાં નોંધ કરવામાં આવેલ કામકાજના હુકમમાં ફેરફાર સૂચવી શકશે અને બોર્ડના અધ્યક્ષ સંમત થાય, તો આવો ફેરફાર કરવામાં આવશે.

**૧૯. બહુમતી દ્વારા નિર્ણય.-** મંડળની બેઠકમાં વિચારણામાં લેવામાં આવતા તમામ પ્રશ્નોનો નિર્ણય, બોર્ડના હાજર સભ્યોના અને મતની બહુમતીથી અને મતદાનથી કરવામાં આવશે અને મતોની સમાનતાના કિસ્સામાં, બોર્ડના અધ્યક્ષને અથવા બોર્ડના ઉપાધ્યક્ષને અથવા યથાપ્રસંગ, બંને સભ્યની ગેરહાજરીમાં, બેઠકનું પ્રમુખસ્થાન સંભાળતા સભ્યને બીજો અથવા નિર્ણાયક મત રહેશે.

**૨૦. ખાલી જગા અથવા કોઈ ખામીને કારણે કોઈપણ કાર્યવાહીઓ અમાન્ય ઠરશે નહિ.-** બોર્ડની કોઈ પણ કાર્યવાહીઓ, કોઈ ખાલી જગા હોવાના અથવા બોર્ડની રચનામાં કોઈ ખામી હોવાના કારણોથી અમાન્ય ઠરશે નહિ.

## પ્રકરણ ૯

## જિલ્લા સ્તરની સમિતિ

**૨૧. જિલ્લા સ્તરની સમિતિની રચના.-** અધિનિયમની કલમ ૭૨ માં ઉલ્લેખેલી અશક્તતા અંગેની જિલ્લા સ્તરની સમિતિ નીચેનાની બનશે-

(૧) કલેક્ટર અને જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ, હોદ્દાની રૂએ અધ્યક્ષ તરીકે.

(૨) મ્યુનિસિપલ કમિશનર........... હોદ્દાની રૂએ............ સભ્ય.
(૩) જિલ્લા વિકાસ અધિકારી ........... હોદ્દાની રૂએ............ સભ્ય.
(૪) સિવિલ સર્જન........... હોદ્દાની રૂએ............ સભ્ય.
(૫) મુખ્ય જિલ્લા તબીબી અધિકારી........... હોદ્દાની રૂએ............ સભ્ય.
(૬) જિલ્લા શિક્ષણ અધિકારી........... હોદ્દાની રૂએ............ સભ્ય.
(૭) જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી........... હોદ્દાની રૂએ............ સભ્ય.
(૮) નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી........... હોદ્દાની રૂએ............ સભ્ય.
(૯) જિલ્લા રોજગાર અધિકારી........... હોદ્દાની રૂએ............ સભ્ય.
(૧૦) કાર્યપાલક ઇજનેર (માર્ગ અને મકાન)........... હોદ્દાની રૂએ............ સભ્ય.
(૧૧) અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી સંસ્થાના પ્રતિનિધિ અને અધિનિયમની કલમ ૨ ના ખંડ(ખંડો)માં વ્યાખ્યાયિત કર્યા મુજબની અશક્ત વ્યક્તિ(પાંચ સભ્યો).........સભ્ય.
(૧૨) અધ્યક્ષ તરીકે આમંત્રિત બીજા કોઈ સભ્ય...........સભ્ય.
(૧૩) જિલ્લા સામાજિક સંરક્ષણ અધિકારી........... હોદ્દાની રૂએ............ સભ્ય-સચિવ.

**૨૨. સમિતિના કાર્યો.**- અશક્તતા અંગેની જિલ્લા સ્તરની સમિતિ નીચેના કાર્યો કરશે :-

(ક) જિલ્લા સત્તામંડળોને પુનઃસ્થાપનને લગતી બાબતો અને અશક્ત વ્યક્તિઓના સશક્તિકરણના સંબંધમાં સલાહ આપશે;

(ખ) જિલ્લા સત્તામંડળો દ્વારા આ અધિનિયમની જોગવાઇઓ અને તે હેઠળ કરેલા નિયમોના અમલીકરણનું દેખરેખ રાખશે;

(ગ) અશક્ત વ્યક્તિઓના સશક્તિકરણ માટે, સરકારની યોજનાઓ અને કાર્યક્રમોના અમલીકરણમાં જિલ્લા સત્તામંડળોને સહાય કરશે;

(ઘ) જિલ્લા સત્તામંડળો દ્વારા અધિનિયમની જોગવાઈઓનો અમલ ન કરવા સંબંધિત ફરિયાદો તપાસશે અને આવી ફરિયાદોનું નિવારણ કરવા માટે, સંબંધિત સત્તામંડળને યોગ્ય ઉપાયાત્મક પગલાંની ભલામણ કરશે.

(ચ) અધિનિયમની કલમ ૨૩ની પેટા-કલમ (૪) હેઠળ જિલ્લા સ્તરની સંસ્થાઓ દ્વારા લેવામાં આવેલા પગલાંથી નારાજ થયેલા ગુજરાત સરકારની સંસ્થાઓના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી અપીલની તપાસ કરવી અને ઉચિત પગલાંની ભલામણ કરવી.

(છ) રાજ્ય સરકાર દ્વારા સોંપવામાં આવે તેવા બીજા કોઇ કાર્યો.

## પ્રકરણ ૧૦

## અશક્ત વ્યક્તિઓના માટેના ગુજરાત રાજ્ય કમિશનર

**૨૩. રાજ્ય કમિશનરની નિમણૂક માટેની લાયકાત.**- અધિનિયમની કલમ ૭૯ની પેટા-કલમ (૧) હેઠળ અશક્ત વ્યક્તિઓ માટે, ગુજરાત રાજ્ય કમિશનર તરીકે કોઇપણ વ્યક્તિ પાત્ર રહેશે નહિ સિવાય કે,-

(૧) તેઓ વ્યક્તિ અશક્ત વ્યક્તિઓના પુન:વસવાટને લગતી બાબતોના સંબંધમાં વિશેષ જ્ઞાન અથવા વ્યવહારુ અનુભવ ધરાવતા હોય;

(૨) રાજ્ય કમિશનરની નિમણૂક માટે અરજીઓ મંગાવતી જાહેરાતમાં નિર્દિષ્ટ કર્યા મુજબ અરજીઓ મેળવવા માટેની છેલ્લી તારીખ જે વર્ષમાં આવતી હોય તે વર્ષની ૧લી જાન્યુઆરીના રોજ તેઓના સાઈઠ વર્ષ થયેલા ન હોય;

(૩) તેઓ નીચેની શૈક્ષણિક લાયકાતો અને અનુભવ ધરાવતા હોય:-

**(ક) શૈક્ષણિત લાયકાતો:**

(૧) આવશ્યક : માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક;

(૨) ઇચ્છનીય : અશકત વ્યકિતઓના સામાજિક કાર્ય અથવા કાયદા અથવા વ્યવસ્થાપન અથવા માનવ અધિકારો અથવા પુન:વસવાટ અથવા શિક્ષણમાં માન્ય પદવી અથવા ડિપ્લોમા.

(ખ) અનુભવ : ગ્રુપ 'એ' સ્તરમાં ઓછામાં ઓછા ૨૦ વર્ષનો અનુભવ અથવા સમકક્ષ જગા:-

(૧) કેન્દ્ર અથવા રાજ્ય સરકારમાં, અથવા

(૨) અશક્તતા સંબંધિત બાબતો સાથે તજવીજ કરતી જાહેર ક્ષેત્રના અન્ડરટેકિંગ અથવા અર્ધ-સરકારી અથવા સ્વાયત્ત સંસ્થાઓ અથવા સામાજિક ક્ષેત્રમાં, અથવા

(૩) અશક્તતા અથવા સામાજિક વિકાસના ક્ષેત્રમાં કામ કરતી રજિસ્ટર થયેલી રાજ્ય અથવા રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય સ્તરની સ્વૈચ્છિક સંસ્થામાં સિનિયર સ્તરના પદાધિકારીની ક્ષમતામાં કાર્ય કર્યું હોય:

**૨૪. રાજ્ય કમિશનરની નિમણૂકની પદ્ધતિ.**- (૧) રાજ્ય કમિશનરની જગા ખાલી પડવાની હોય તેના ઓછામાં ઓછા છ મહિના પહેલા, નિયમ ૨૩માં ઉલ્લેખેલા માપદંડ પરિપૂર્ણ કરતા પાત્ર ઉમેદવારો પાસેથી આ જગા માટે અરજીઓ મંગાવીને, એક અંગ્રેજીમાં અને બીજી સ્થાનિક ભાષામાં એમ ઓછામાં ઓછા બે રાષ્ટ્રીય અથવા રાજ્ય સ્તરના દૈનિક વર્તમાનપત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરવી જોઇશે.

(૨) સંબંધિત વહીવટી વિભાગના સચિવની અધ્યક્ષતા હેઠળ શોધ-સહ-પસંદગી સમિતિની રચના, રાજ્ય કમિશનરની જગા માટે, ત્રણ યોગ્ય ઉમેદવારોની પેનલની તેને ભલામણ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કરવી જોઇશે.

(૩) પેટા-નિયમ (૨)માં ઉલ્લેખ કરેલ શોધ-સહ-પસંદગી સમિતિની રચના, ગુજરાત સરકારના સંબંધિત વહીવટી વિભાગ દ્વારા આપવામાં આવેલી સંબંધિત સૂચનાઓથી સંચાલિત થશે જે આખરી ગણાશે.

(૪) પેટા-નિયમ (૨) હેઠળ શોધ-સહ-પસંદગી સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવેલી પેનલમાં, પેટા-નિયમ (૧) હેઠળ કરવામાં આવેલી જાહેરાતના પ્રત્યુત્તરમાં જેમણે અરજી કરી હોય તેમાંથી અમુક વ્યક્તિઓ તેમજ સમિતિ જેને ઉચિત ગણે તેવી કેન્દ્ર અથવા રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવી બીજી ઈચ્છા ધરાવતી પાત્ર વ્યક્તિઓનો સમાવેશ થઈ શકશે.

(૫) રાજ્ય સરકારે, પેટા-નિયમ (૨) હેઠળ શોધ-સહ-પસંદગી સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવેલી પેનલમાંથી કોઈ એક ઉમેદવારની રાજ્ય કમિશનર તરીકે નિમણૂક કરવી જોઈશે.

**૨૫. રાજ્ય કમિશનરની (હોદ્દાની) મુદત.**- (૧) રાજ્ય કમિશનર જે તારીખે હોદ્દો સંભાળે તે તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી અથવા તે પાંસઠ વર્ષની ઉંમર પૂર્ણ કરે ત્યાં સુધી, એ બેમાંથી જે વહેલું હોય તે મુદત સુધી, પૂર્ણકાલિક ધોરણે તેમની નિમણૂક કરવામાં આવશે.

(૨) કોઇપણ વ્યક્તિ, પાંસઠ વર્ષની ઉપલી વય મર્યાદાને અધીન રહીને, વધુમાં વધુ બે મુદતો સુધી રાજ્ય કમિશનર તરીકે સેવા આપી શકશે.

**૨૬. રાજ્ય કમિશનરના પગાર અને ભથ્થાં.**- (૧) રાજ્ય કમિશનરના પગાર અને ભથ્થાં, રાજ્ય સરકારના સચિવને મળવાપાત્ર થતાં પગાર અને ભથ્થાં જેટલા રહેશે.

(૨) નિવૃત્ત સરકારી કર્મચારી અથવા કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતું હોય તેવી કોઈ સંસ્થા અથવા સ્વાયત્ત સંસ્થાના નિવૃત્ત કર્મચારી હોય તેવા રાજ્ય કમિશનર આવી પાછલી સેવાનાં સંબંધમાં પેન્શન મેળવતા હોય, ત્યારે આ નિયમો હેઠળ તેમને મળવાપાત્ર પગાર, પેન્શનની રકમ

જેટલો અને જો તેણે (રાજ્ય કમિશનરે), પેન્શનના ભાગને બદલે તેનું રૂપાંતરિત મૂલ્ય મેળવ્યું હોય, તો પેન્શનના આવા રૂપાંતરિત ભાગની રકમ જેટલો ઘટાડવો જોઇશે.

**૨૭. રાજ્ય કમિશનરની સેવાની બીજી બોલીઓ અને શરતો.–** રાજ્ય કમિશનરની સેવાની બીજી બોલીઓ અને શરતો, નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રહેશે:–

(ક) રજા: રાજ્ય કમિશનર, ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ની સંબંધિત જોગવાઇઓ હેઠળ વર્ગ ૧ના અધિકારીને મળવાપાત્ર હોય તેટલી રજા માટે હકદાર રહેશે.

(ખ) રજા પ્રવાસ રાહત: રાજ્ય કમિશનર, વર્ગ ૧ના અધિકારીને લાગુ પડતા રાજ્ય સરકારના ઠરાવની સંબંધિત જોગવાઇઓ હેઠળ તેને (વર્ગ ૧ના અધિકારીને) મળવાપાત્ર હોય તેટલી રજા પ્રવાસ રાહત માટે હકદાર રહેશે.

(ગ) તબીબી લાભો: ગુજરાત રાજ્ય કમિશનર, વર્ગ ૧ના અધિકારીને લાગુ પડતા રાજ્ય સરકારના ઠરાવની સંબંધિત જોગવાઇઓ હેઠળ તેને (વર્ગ ૧ના અધિકારીને) મળવાપાત્ર હોય તેટલા તબીબી લાભો માટે હકદાર રહેશે.

**૨૮. રાજીનામું અને દૂર કરવા બાબત.–** (૧) રાજ્ય કમિશનર, રાજ્ય સરકારને સંબોધીને, પોતાની સહીથી, લેખિત નોટિસ આપીને, પોતાના પદ પરથી રાજીનામું આપી શકશે.

(૨) રાજ્ય સરકાર, રાજ્ય કમિશનરને તેના હોદ્દા પરથી દૂર કરી શકશે, જો તેઓ–

(ક) દેવામુક્ત નહિ થયેલા નાદાર બને; અથવા

(ખ) પોતાના હોદ્દાની મુદત દરમિયાન પોતાના હોદ્દાની ફરજો ઉપરાંતના કોઈ સવેતન રોજગાર અથવા પ્રવૃત્તિમાં જોડાય; અથવા

(ગ) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ નૈતિક અધ:પતનવાળા કોઇ ગુના માટે દોષિત ઠરાવવામાં આવ્યા હોય અને કેદની સજા કરવામાં આવી હોય; અથવા

(ઘ) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, મગજ અથવા શરીરની અક્ષમતાને કારણે અથવા અધિનિયમમાં નિયત કર્યા પ્રમાણેના પોતાના કાર્યો બજાવવામાં ગંભીર કસૂરને કારણે હોદ્દા પર ચાલુ રહેવા માટે અયોગ્ય હોય; અથવા

(ચ) રાજ્ય સરકાર પાસેથી ગેરહાજરીની રજા લીધા વિના, લાગલાગટ પંદર દિવસ અથવા તેનાથી વધુ મુદત સુધી ફરજ પરથી ગેરહાજર રહે; અથવા

(છ) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, રાજ્ય કમિશનરના હોદ્દાનો એવી રીતે દુરુપયોગ કર્યો હોય કે જેથી હોદ્દા પર તેને ચાલુ રાખવાનું અશક્ત વ્યક્તિઓના હિતને નુકસાનકારક હોય:

પરંતુ કોઈપણ રાજ્ય કમિશનરને, રાજ્ય સરકારના વર્ગ ૧ના અધિકારીને દૂર કરવા માટે લાગુ પડતી કાર્યરીતિ, ઉચિત ફેરફારો સાથે, અનુસર્યા પછી દૂર કરવામાં આવે તે સિવાય, આ નિયમ હેઠળ હોદ્દા પરથી દૂર કરી શકાશે નહિ.

(૩) રાજ્ય સરકાર, જેના સંબંધમાં ઉપરના પેટા–નિયમ (૨) અનુસાર દૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય તેવા રાજ્ય કમિશનરને, આવી કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધી ફરજ–મોકૂફ કરી શકશે.

**૨૯. શેષ જોગવાઇ.–** જેના સંબંધમાં આ નિયમોમાં કોઇ સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવી ન હોય તેવી, રાજ્ય કમિશનરની સેવાની બીજી શરતો, રાજ્ય સરકારના સચિવને તત્સમયે લાગુ પડતા નિયમો અને હુકમોથી નક્કી કરવી જોઇશે.

**૩૦. રાજ્ય કમિશનરે અનુસરવાની કાર્યરીતિ.**– (૧) ફરિયાદી, નીચેની વિગતો ધરાવતી ફરિયાદ વ્યક્તિગત રીતે અથવા તેના એજન્ટ દ્વારા રાજ્ય કમિશનરને રજૂ કરી શકશે અથવા રજિસ્ટર્ડ ટપાલથી અથવા રાજ્ય કમિશનરને ઉદ્દેશીને ઇ–મેઈલથી મોકલી શકશે:–

(ક) ફરિયાદીનું નામ, વિગત અને સરનામું;

(ખ) ખાતરી કરી શકાય ત્યાં સુધી સામા પક્ષકાર અથવા યથાપ્રસંગ, પક્ષકારોના નામ, વિગત અને સરનામું;

(ગ) ફરિયાદને લગતી હકીકતો અને તે ક્યારે અને ક્યાં ઉદ્ભવી છે તેની વિગત;

(ઘ) ફરિયાદમાં કરવામાં આવેલ આક્ષેપોના સમર્થનમાં દસ્તાવેજો;

(ચ) ફરિયાદીએ દાવો કરેલી (માંગેલી) રાહત.

(૨) રાજ્ય કમિશનરે, ફરિયાદ મળ્યેથી, ફરિયાદમાં જણાવેલા સામા પક્ષકાર અથવા પક્ષકારોને, ફરિયાદની એક નકલ મોકલવી જોઇશે અને ત્રીસ દિવસની મુદતની અંદર અથવા રાજ્ય કમિશનર મંજૂર કરે તેવી પંદર દિવસથી વધુ નહિ તેટલી વધારાની મુદતની અંદર, કેસ અંગે તેમની રજૂઆત કરવાનો આદેશ કરવો જોઇશે.

(૩) સુનાવણીની તારીખે અથવા જે તારીખે સુનવણી મોકૂફ રાખી શકાય તેવી બીજી કોઇ તારીખે, પક્ષકારો અથવા તેમના એજન્ટે, રાજ્ય કમિશનર સમક્ષ હાજર થવું જોઇશે.

(૪) આવી તારીખોએ ફરિયાદી અથવા તેના એજન્ટ, રાજ્ય કમિશનર સમક્ષ હાજર ન રહે, ત્યારે ગુજરાત રાજ્ય કમિશનર, કસૂરને કારણે ફરિયાદ રદ કરી શકશે અથવા ગુણદોષના આધારે તેનો નિર્ણય કરી શકશે.

(૫) સામા પક્ષકાર અથવા તેના એજન્ટ સુનાવણીની તારીખે હાજર ન રહે, ત્યારે ગુજરાત રાજ્ય કમિશનર, સામા પક્ષકારને સમન્સથી બોલાવવા અને હાજર રહેવાની ફરજ પાડવા માટે, આ અધિનિયમની કલમ ૮૨ હેઠળ, પોતાને યોગ્ય લાગે તેવા જરૂરી પગલાં લઇ શકશે.

(૬) રાજ્ય કમિશનર, જરૂરી જણાય, તો ફરિયાદનો એક તરફી નિકાલ કરી શકશે.

(૭) રાજ્ય કમિશનર, પોતે યોગ્ય ગણે તેવી બોલીઓ પર અને કાર્યવાહીના કોઈપણ તબક્કે, ફરિયાદની સુનાવણી મોકૂફ રાખી શકશે.

(૮) રાજ્ય કમિશનરે, શક્ય હોય ત્યાં સુધી, સામા પક્ષકાર દ્વારા કરવામાં આવેલી નોટિસ મળ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, ફરિયાદ અંગે નિર્ણય કરી શકશે.

**૩૧. સલાહકાર સમિતિએ રાજ્ય કમિશનરને મદદ કરવા બાબત.**– (૧) રાજ્ય સરકારે, અધિનિયમની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી અશક્તતાના પાંચ સમૂહ પૈકી દરેક સમૂહનું પ્રતિનિધિત્વ કરવા માટે, પાંચ નિષ્ણાતોની બનેલી સલાહકાર સમિતિની નિમણૂક કરવી જોઇશે, જેમાંના બે સભ્યો મહિલા સભ્યો હોવા જોઇશે.

(૨) રાજ્ય કમિશનર, જરૂરિયાત પ્રમાણે, વિષય અથવા ક્ષેત્રવિસ્તારના નિષ્ણાતને બોલાવી શકશે, જેઓ બેઠકમાં અથવા સુનાવણીમાં અને અહેવાલ તૈયાર કરવામાં તેને માટે મદદ કરશે.

(૩) સલાહકાર સમિતિના સભ્યોની મુદત, ત્રણ વર્ષની રહેશે અને સભ્યો પુન:નામનિયુક્તિને પાત્ર રહેશે નહિ.

(૪) રાજ્યના પાટનગરમાં રહેતા, સલાહકાર સમિતિના બિન–સરકારી સભ્યોને, ખરેખર બેઠકના દરેક દિવસ દીઠ, બે હજાર રૂપિયાનું ભથ્થું ચુકવવામાં આવશે.

(૫) રાજ્યના પાટનગરમાં ન રહેતા, સલાહકાર સમિતિના બિન–સરકારી સભ્યોને, ખરેખર બેઠકના દરેક દિવસ દીઠ, રાજ્ય સરકારના વર્ગ–૧ના અધિકારીને મળવાપાત્ર દરે, દૈનિક અને મુસાફરી ભથ્થું ચૂકવવામાં આવશે.

**૩૨. વાર્ષિક અહેવાલો રજૂ કરવા બાબત.–** (૧) રાજ્ય કમિશનરે, નાણાકીય વર્ષ પૂરું થયા પછી બનતી ત્વરાએ, પણ આગામી વર્ષના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખ પછી નહિ તેમ, અધિનિયમની કલમ ૮૩ની પેટા–કલમ (૩) અનુસાર, સદરહુ નાણાકીય વર્ષ દરમિયાનની પોતાની પ્રવૃત્તિઓની સંપૂર્ણ વિગતો આપતો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઇશે અને રાજ્ય સરકારને રજૂ કરવો જોઇશે.

(૨) ખાસ કરીને, પેટા–નિયમ (૧)માં ઉલ્લેખેલા વાર્ષિક અહેવાલમાં, નીચેની બાબતો પૈકીની દરેક બાબતના સંબંધમાં માહિતી હોવી જોઇશે:–

(ક) રાજ્ય કમિશનરની કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓનાં નામ અને સંસ્થાકીય માળખું દર્શાવતો ચાર્ટ;

(ખ) અધિનિયમ હેઠળ રાજ્ય કમિશનરને સોંપેલા કાર્યો અને તેના સંદર્ભમાં કરેલી કામગીરીની ઝલક;

(ગ) રાજ્ય કમિશનર દ્વારા કરવામાં આવેલી મુખ્ય ભલામણ;

(ઘ) રાજ્યમાં અધિનિયમના અમલીકરણમાં થયેલી પ્રગતિ; અને

(ચ) રાજ્ય કમિશનરને સમાવેશ યોગ્ય જણાય તેવી અથવા રાજ્ય સરકાર દ્વારા વખતોવખત અહેવાલમાં સમાવેશ કરવા માટે નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી કોઇપણ બાબત.

## પ્રકરણ ૧૧

## અશક્ત વ્યક્તિઓ માટે ગુજરાત રાજ્ય ફંડ

**૩૩. અશક્ત વ્યક્તિઓ માટે ગુજરાત રાજ્ય ફંડ અને તેનું સંચાલન.–** (૧) અશક્ત વ્યક્તિઓ માટે, જેનો આમાં હવે પછી, 'ગુજરાત રાજ્ય ફંડ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેવા, રાજ્ય ફંડની નીચે પ્રમાણે રચના કરવી જોઇશે:–

(ક) કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટિ અથવા તબદીલી હેઠળ અનુદાન, ભેટ, દાન, સખાવત, વસિયત, ફાળા સ્વરૂપે મળેલી તમામ રકમો;

(ખ) સહાયક અનુદાન સહિત રાજ્ય સરકાર પાસેથી મળેલી તમામ રકમો;

(ગ) રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તેવા બીજા સ્રોતોમાંથી મળતી તમામ રકમો.

(૨) ગુજરાત રાજ્ય ફંડનું સંચાલન કરવા માટે નીચે દર્શાવેલા સભ્યોનું બનેલું વ્યવસ્થાપક મંડળ રહેશે:–

(ક) અગ્ર સચિવ અથવા સચિવ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર – અધ્યક્ષ;

(ખ) ગુજરાત સરકારમાં, નાયબ સચિવની કક્ષાથી ઊતરતી કક્ષાના ન હોય તેવા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શિક્ષણ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના, વર્ણાનુક્રમ અનુસાર વારાફરતી નીમવાના બે પ્રતિનિધિઓ – સભ્યો;

(ગ) નિયામક, સમાજ સુરક્ષા, ગુજરાત સરકાર – નિમંત્રક અને મુખ્ય કાર્યપાલક અધિકારી.

(૩) વ્યવસ્થાપક મંડળ, જરૂરી હોય તેટલી વખત, પણ દરેક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછી એક વખત મળશે;

(૪) નામનિયુક્ત સભ્યો, ત્રણ વર્ષ કરતાં વધુ નહિ તેટલા સમય સુધી હોદ્દો ધરાવશે.

(૫) વ્યવસ્થાપક મંડળનો કોઇપણ સભ્ય હોદ્દો ધરાવતો હોય તે મુદત દરમિયાન, ફંડનો લાભ મેળવી શકશે નહિ.

(૬) વ્યવસ્થાપક મંડળની મિટીંગમાં હાજર રહેવા માટે, નામનિયુક્ત બિન-સરકારી સભ્યો, રાજ્ય સરકારના વર્ગ-૧ના અધિકારીને મળવાપાત્ર હોય તેટલાં પ્રમાણમાં, મુસાફરી ભથ્થું અને મોંઘવારી ભથ્થું મેળવવાને પાત્ર રહેશે.

(૭) કોઈપણ વ્યક્તિ –

(ક) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, નૈતિક અધ:પતન વાળા ગુના બદલ દોષિત ઠરી હોય અથવા દોષિત ઠરાવવામાં આવી હોય; અથવા

(ખ) કોઈપણ સમયે નાદાર ઠરી હોય અથવા નાદાર ઠરાવવામાં આવી હોય,

તો, તેને, પેટા-નિયમ (૨)ના ખંડ (ખ) અને (ગ) હેઠળ વ્યવસ્થાપક મંડળના સભ્ય તરીકે નમનિયુક્ત કરી શકાશે નહિ.

**૩૪. ગુજરાત રાજ્ય ફંડનો ઉપયોગ કરવા બાબત.–** (૧) રાજ્ય ફંડનો ઉપયોગ નીચેના હેતુઓ માટે કરવો જોઈશે:–

(ક) રાજ્ય સરકારની કોઈ યોજના અને કાર્યક્રમ હેઠળ ચોક્કસપણે આવરી લેવામાં આવ્યા ન હોય તેવા ક્ષેત્રોમાં આર્થિક સહાય;

(ખ) આ અધિનિયમથી અથવા તે હેઠળ ખર્ચ કરવા ફરમાવ્યું હોય તેવા ફંડના વહીવટી અને બીજા ખર્ચ; અને

(ગ) ગવર્નિંગ બોડી (સંચાલક મંડળ) નક્કી કરે તેવા બીજા હેતુઓ.

(૨) ખર્ચ માટેની દરેક દરખાસ્ત, ગવર્નિંગ બોડી (સંચાલક મંડળ) સમક્ષ તેની મંજૂરી માટે મૂકવી જોઈશે.

(૩) ગવર્નિંગ બોડી (સંચાલક મંડળ) જરૂરિયાત અનુસાર આવશ્યકતાને આધારે, ગુજરાત રાજ્ય ફંડનું સંચાલન કરવા અને તેનો ઉપયોગ કરવા માટે, પોતાને યોગ્ય જણાય તેવી બોલીઓ અને શરતોએ, હિસાબનીસ સહિત દફતરી કર્મચારીવર્ગની નિમણૂક કરી શકશે.

(૪) ગવર્નિંગ બોડી (સંચાલક મંડળ) નક્કી કરે તેવી રીતે, ગુજરાત રાજ્ય ફંડનું રોકાણ કરી શકાશે.

(૫) અધિનિયમની કલમ ૮૮માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર-જનરલ-એ, ગુજરાત રાજ્ય ફંડના હિસાબનું ઓડિટ કરવું જોઈશે.

**૩૫. અંદાજપત્ર.–** ગુજરાત રાજ્ય ફંડના મુખ્ય વહીવટી અધિકારીએ, દરેક વર્ષના જાન્યુઆરી (મહિના)માં, દરેક નાણાકીય વર્ષમાં રાજ્ય ફંડ હેઠળ થનાર ખર્ચ માટેનું, ફંડની અંદાજિત આવક અને ખર્ચ દર્શાવતું અંદાજપત્ર તૈયાર કરવું જોઈશે અને તે (અંદાજપત્ર) ગવર્નિંગ બોડી (સંચાલક મંડળ)ની વિચારણા માટે રજૂ કરવું જોઈશે.

## નમૂનો ક

***(જુઓ નિયમ ૯(૧))***

## રજિસ્ટ્રેશનના પ્રમાણપત્ર માટેની અરજી

(૧) અરજદારનું નામ અને તેનું સરનામું: ....................................

(૨) જે સંસ્થાના સંબંધમાં અરજી કરવામાં આવી હોય તે સંસ્થાનું નામ:

ક. નામ:...............................

ખ. સરનામું (કચેરી/પ્રોજેક્ટ): ................................

ગ. ફોન/ફેક્સ/ટેલેક્સ/(કચેરી): .............................. (પ્રોજેક્ટ)

(૩) (૧) જે અધિનિયમ હેઠળ અગાઉ સંસ્થાનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હોય તે અધિનિયમનું નામ:...............

(૨) રજિસ્ટ્રેશન ક્રમાંક અને રજિસ્ટ્રેશનની તારીખ:........................

(ફોટો કોપી જોડવી)

(૪) મંડળનો ઉદ્દેશ-પત્ર અને સંસ્થાના પેટા-કાયદા:................

(ફોટો કોપી જોડવી)

(૫) સંસ્થાના સંચાલક મંડળ/ ગવર્નિંગ બોડીના સભ્યોના નામ, સરનામાં, વ્યવસાય અને બીજી વિગતો:.............................

(૬) સંસ્થાની વર્તમાન પ્રવૃત્તિઓ:...........................

(૭) સંસ્થાના વર્તમાન સભ્યોની સંખ્યા અને તેનું વર્ગીકરણ..................

જોડવાના દસ્તાવેજોની યાદી:

(ક) અગાઉના વર્ષના વાર્ષિક અહેવાલની નકલ:

(૧) ચાર્ટર્ડ એકાઉટન્ટે આવક અને ચુકવણીના ખાતા દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત કરેલું હિસાબનું ઓડિટ કરેલું પત્રક, (ચાર્ટર્ડ એકાઉટન્ટ દ્વારા છેલ્લા બે વર્ષ માટેનું),

(૨) આવક અને ખર્ચનું ખાતું (ચાર્ટર્ડ એકાઉટન્ટ દ્વારા છેલ્લા બે વર્ષ માટેનું),

(૩) છેલ્લા બે વર્ષનું સરવૈયું (ચાર્ટર્ડ એકાઉટન્ટ દ્વારા છેલ્લા બે વર્ષ માટેનું).

(ખ) સંસ્થા દ્વારા કામે રાખવામાં આવેલા કર્મચારીવર્ગની વિગતો અને તેમની લાયકાત:

(ગ) સંસ્થાના .......................... દ્વારા આવરી લેવામાં આવનાર લાભાર્થીઓની વિગતો.

(ઘ) છાત્રાલય ચલાવવામાં આવતું હોય, તો છાત્રોની સંખ્યા. ..........................

(ચ) બીજી બોલીઓ, કોઈ હોય, તો.

(જ) સંસ્થા તેની પોતાની/ ભાડાની ઈમારતમાં આવેલી છે કે કેમ? (જરૂરી પુરાવો જોડવો)..............................

અરજદારની સહી

નામ:

હોદ્દો:

સરનામું:

તારીખ:

કચેરીનો સિક્કો:

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**મનોજ અગ્રવાલ,**

સરકારના અગ્ર સચિવ.

-----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.